અપીલ અરજી નં.૨૩૫ તા.૨૫–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી આબેઅલી નાસીરભાઈ ડોડીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આબેઅલી નાસીરભાઈ ડોડીયાની તા.૧૪–૭–૧૧ની અરજીથી ડિ.સુરત સબ–ડિ,તાલુકાઃચોર્યાસી મોજે શહેર સુરતના ઉધનાના નોંધ નં. ૦૫૫૨ પર આવેલ "પટેલનગર કો.ઓ.હા.સો." જેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી" પ્લોટ નં.૮૮" વાળી મિલ્કત કે જેનું મ્યુ.ટે.નં.:૨૭ઈ–૯–૦૮૭૧–૦–૦૦૧ છે જે સદર મિલ્કત હાલ આકારણી દફતરે એક શ્રીમતી શકીનાબેન હુશેનભાઈ ડોડીયાના નામ ઉપર નોંધાયેલ છે. જેમનું નામ આકારણી દફતરે કયા પુરાવાઓના આધારે દાખલ કરવામાં આવ્યું તેની સ્પષ્ટ વિગત અને તે નામ દાખલ કરવામાં આવ્યું ત્યારે રજુ કરેલા પુરાવાઓ અંગે માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૫/૨૦૧૧–૧૨

શ્રી આબેઅલી નાસીરભાઈ ડોડીયાની તા.૧૪–૭–૧૧ની અરજીથી ડિ.સુરત સબ–ડિ,તાલુકાઃચોર્યાસી મોજે શહેર સુરતના ઉધનાના નોંધ નં. ૦૫૫૨ પર આવેલ "પટેલનગર કો.ઓ.હા.સો." જેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી" પ્લોટ નં.૮૮" વાળી મિલ્કત કે જેનું મ્યુ.ટે.નં.:૨૭ઈ–૯–૦૮૭૧–૦–૦૦૧ છે જે સદર મિલ્કત હાલ આકારણી દફતરે એક શ્રીમતી શકીનાબેન હુશેનભાઈ ડોડીયાના નામ ઉપર નોંધાયેલ છે. જેમનું નામ આકારણી દફતરે કયા પુરાવાઓના આધારે દાખલ કરવામાં આવ્યું તેની સ્પષ્ટ વિગત અને તે નામ દાખલ કરવામાં આવ્યું ત્યારે રજુ કરેલા પુરાવાઓ અંગે માહિતી આપવા બાબતે બરાબર માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૨ તા.૨–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને બરાબર માહિતી મળી નથી તેવા દાવા અન્વયે તેમને મળેલ માહિતી , તે પૈકી કઈ બરાબર નથી તે અંગે આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૦૪ તા.૧૬–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતને પાઠવવામાં આવેલ. પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૫૫૫ તા.૧–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારનો તા.૨–૮–૧૧ નો રીપોર્ટ તેમજ અરજદારને આપેલી માહિતી અંગેનં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૨૬ તા.૧૦–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૯–૧૧ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૪–૭–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી અરજદારની લગતી માહિતી ત્રાહિત વ્યકિતને લાગુ હોવાથી ત્રાહિત વ્યકિત શ્રીમતી શકીનાબેન હુસેનભાઈ ડોઢીયાને પત્ર નં. નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૫૫૫ તા.૧–૮–૧૧ થી તેમની મિલ્કતના દસ્તાવેજી પુરાવા અંગે ત્રાહિત વ્યકિતની માંગણી અંગે અભિપ્રાય માંગવામાં આવેલ. જે અંગેનો અભિપ્રાય તેમના પત્ની બહારગામ હોઈ તેમના પતિ તાહેરભાઈ સરફઅલી ટીનવાલાએ તેમના પત્ની અને તેમના સિવાય અમારી મિલ્કતની માહિતી કોઈને આપવી નહીં તેવું તેમના તા.૨–૮–૧૧ ના પત્રથી જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૨૬ તા.૧૦–૮–૧૧ થી ટેના નં.૨૭ઈ–૦૯–૦૮૭૧–૦–૦૦૧ વાળી મિલ્કત પર શ્રીમતિ શકીનાબેન ડોઢીયાનું નામ નામફેર ફોર્મ નં.૩૨૯૦૦ (ઈ.ન.૯૭ તા.૨૫–૫–૧૧) શ્રીમતિ શકીનાબેન હુસેનભાઈ ડોઢીયાએ લખાવી લીધેલ કબ્જા રસીદ શ્રી હુસેનભાઈ કાસામજીભાઈ ડોઢીયાએ લખાવી લીધેલ કબ્જા રસીદ, રીકવીઝેશન ફોર્મ, ભાડુતના માહિતીપત્રકના આધારે દાખલ કરવામાં આવેલ છે. તેવી અંશતઃ માહિતી પૂરી પાડેલ છે. જયારે ત્રાહિત વ્યકિતના દસ્તાવેજ અંગેની માહિતી બાબતે " ત્રાહિત પક્ષકારશ્રી શકીનાબેન હુસેનભાઈ ડોઢીયાએ માહિતી આપવા ઈન્કાર કરેલ હોય રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપી શકાય તેમ નથી. " અને અંશતઃ કલમ–૧૧ના અપવાદ હેઠળ ઈન્કાર કરેલ છે. જે અંગે અરજદારે તા.૨૫–૮–૧૧ ના રોજ બરાબર માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે પુરાવાની માહિતીની માંગણી કરેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે અરજદારને બરોબર માહિતીના દાવા અન્વયે માહિતી પૈકી કઈ માહિતી બરોબર નથી તે અંગે આધાર સ્પષ્ટ કરવા જણાવવામાં

આવેલ. તેમાં અરજદારે પુરાવા માંગેલ હોઈ પુરાવા મળેલ નથી અને તે અંગે નારાજગી વ્યકત કરેલ છે. આમ અરજદાર ત્રાહિતને લગતી માહિતી અંગે જાહેર હિત વધુ હોવાનું પુરાવાર કરવામાં સફળ રહેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકાર ગણાવી ત્રાહિતના દસ્તાવેજની નકલોની માહિતી આપવાનો કલમ–૧૧ ના અપવાદ હેઠળ ઈન્કાર કરેલ છે. જયારે તે સિવાયની દફતરી માહિતી બાબતે કોઈ તકરાર નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૪–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અંશતઃ માહિતી પૂરી પડાયેલ છે. જયારે અંશતઃ માહિતી ત્રાહિત વ્યકિતને લગતી કલમ–૧૧ હેઠળ જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણયને ગ્રાહય રાખવામાં આવે છે આથી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી આબેઅલી નાસીરભાઈ ડોડીયા,